સાબરડેરી દ્વારા દૂધના ભાવમાં પ્રતિ કિલોફેટે ૨૦નો વધારો

પુરવઠા કરતા માંગ વધતા દૂધના ભાવ વધ્યા : ખાણદાણના વધેલા ભાવ દૂધ ઉત્પાદકોને પરવડતા ન હોવાનું અનુમાન : ડેરીએ મકાઈ ભરડો, ઘી અને સાબરદાણમાં ભાવ વધાર્યા

હિંમતનગર, તા. ૨૭ અરવલ્લી જિલ્લાના અંદાજે ૩.૫ લાખથી વધુ દૂધ ઉત્પાદકો પશુપાલનના વ્યવસાય પર નિર્ભર છે. ત્યારે સાબરડેરીએ દૂધની આવકમાં થયેલા ઘટાડા અને દૂધની બનાવટોની વધેલી માંગનો ફાયદો દૂધ ઉત્પાદકોને થાય તે માટે ગાય અને ભેંસના દૂધના ભાવમાં આગામી તા. ૧ મે થી પ્રતિ કિલોફેટના ભાવમાં રૂ. ૨૦નો વધારો કરવા માટે શનિવારે મળેલી બોર્ડ મીટીંગમાં નિર્ણય લીધો છે. જેને લીધે તા. ૧ મે થી બંને જિલ્લાના દૂધ ઉત્પાદકોને ભેંસના દૂધનો ભાવ રૂ. ૬૩૦ જ્યારે ગાયના દૂધનો ભાવ પ્રતિ કિલોફેટના રૂ. ૬૦૦ પ્રમાણે સમતુલ્ય ભાવ મુજબ રૂ. ૨૭૨.૬૦ પૈસા મુજબ મળશે.

આ અંગે ડેરીના ચેરમેન મહેશભાઈ પટેલ તથા એમ.ડી. બી.એમ. પટેલના જણાવાયા મુજબ ગત વર્ષ કરતા આ વર્ષે ઉનાળાની સીઝનમાં અંદાજે ૨.૫૦ લાખ લીટર દૂધ સાબરડેરીને ઓછુ મળી રહ્યુ છે. તો બીજી તરફ ઉનાળાને લીધે દૂધની બનાવટોની માંગમાં થયેલા વધારાનો લાભ દૂધ ઉત્પાદકોને મળે તે માટે સાબરડેરીના નિયામક મંડળે નિર્ણય કર્યો છે. ત્યારે શનિવારે મળેલી બોર્ડ મીટીંગમાં દૂધના ભાવમાં વધારો કરવા માટે પ્રમુખ સ્થાનેથી દરખાસ્ત કરાઈને તે અંગે ચર્ચા કરવામાં આવી હતી.

ત્યારબાદ નિયામક મંડળની સર્વસંમતિથી ભેંસના દૂધનો ભાવ અત્યારે જે રૂ. ૬૧૦ કિલોફેટ મુજબ ચુકવાતો હતો તેમાં તા. ૧ મે થી રૂ. ૨૦નો વધારો કરીને રૂ. ૬૩૦ મુજબ ચુકવાશે તેજ પ્રમાણે ગાયના દૂધનો ભાવ રૂ. ૫૮૦ હતો તેમાં પણ રૂ. ૨૦નો વધારો કરાયો છે જેથી ગાયનુ દૂધ ભરાવતા દૂધ ઉત્પાદકોને પણ નવા સમતુલ્ય ભાવ પ્રમાણે રૂ. ૨૭૨.૬૦ પૈસા મુજબ ચુકવાશે.

ડેરીએ ઘી, મકાઈ ભરડો અને સાબરદાણમાં ભાવ વધાર્યો

એક તરફ સાબરડેરીએ દૂધ ઉત્પાદકોને દૂધનો ભાવ વધુ આપીને ખુશ કર્યા છે પરંતુ સાબરડેરી દ્વારા બનાવીને વેચવામાં આવતા મકાઈ ભરડાના ભાવમાં અંદાજે રૂ. ૨૦૦ જ્યારે ઘીના ભાવમાં પ્રતિકિલોએ રૂ. ૧૦ અને સાબરદાણના ભાવમાં રૂ. ૧૦૦ વધારી દીધા છે. જોકે તેના માટે અનાજ બજારમાં વિવિધ અનાજના ભાવમાં થયેલો વધારો જવાબદાર છે તેમ છતા બજારમાં વેચાતી પશુઓની ખાધ્ય સામગ્રીના ભાવ કરતા તે નીચા છે.

કોના કેટલા ભાવ થયા

ચીજવસ્તુનું નામ	જુનો ભાવ	નવો ભાવ
ઘી	૨૭૫	૨૮૫ (કિલોના)
મકાઈ ભરડો	૧૦૦૦	૧૨૦૦ (૫૦ કિલોના)
સાબરદાણ	૧૧૭૫	૧૨૭૫ (૬૫ કિલોના)

૧૫મી પછી ભાવ વધારાની ખબર પડશે

સાબરકાંઠા તથા અરવલ્લીના દૂધ ઉત્પાદકોને દર વર્ષે જુલાઈ કે ઓગષ્ટ માસમાં સાબરડેરી તથા સ્થાનિક દૂધમંડળીએ કરેલા વેપાર બાદ દૂધ ઉત્પાદકોને ભાવ ફેરની રકમ ચૂકવવામાં આવે છે ત્યારે આ વર્ષે તા. ૧૫ મે પછી તમામ દૂધ સંઘોની બેલેન્સશીટ તૈયાર થયા બાદ તે અંગે ગુજરાત મિલ્ક માર્કેટીંગ ફેડરેશનની મીટીંગમાં ચર્ચા થયા બાદ નિર્ણય લેવાશે.

ડીસામાં જાહેર માર્ગને જેસીબી વડે ખોદી દેવાતાં ઉહાપોહ

ડીસા

બનાસકાંઠાના ડીસા શહેરમાં પાટણ હાઈવેને જોડતો માર્ગ છેલ્લા ઘણા સમયથી વિવાદમાં સપડાયેલો છે. આ વિવાદને લઈ અગાઉ પણ અનેકવાર તકરાર સર્જાયેલી છે.. આ તકરારને પગલે અહીથી પસાર થવામાં લોકોને પણ મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોઈ ડીસા નગરપાલિકા દ્વારા આ સ્થળ પર ૨૦૧૭માં નવીન માર્ગ બનાવવામાં આવ્યો હતો. કરોડો રૂપિયાના ખર્ચે આ માર્ગ બનાવ્યા બાદ આ રોડ પર દિવસના હજારો લોકો અને વિધ્યાર્થીઓ પસાર થતાં હતા... જો કે આ જમીનના માલિક દ્વારા વિરોધ નોંધાવતાં આ સમગ્ર મામલો કોર્ટમાં ગયો હતો અને કોર્ટે પણ જૈસે થે સ્થિતિ જાળવવાની તાકીદ કરી સ્ટે ઓર્ડર આપ્યો હતો બાદમાં જમીનમાલિક અને પાલિકા વચ્ચે તાજેતરમાં સમાધાન પણ થઈ ગયું હતું.. જો કે કોઈ શખ્સોએ આજે વહેલી સવારે જે.સી.બી.મશીન સાથે આ સ્થળ પર પહોંચી વિવાદિત જગ્યા પર બનેલા માર્ગને સંપૂર્ણ પણે તોડી દેતાં નગરપાલિકાને કરોડો રૂપિયાનું નુકશાન થયું છે.. આ માર્ગ તોડી દેવાતા વાહનચાલકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવાની નોબત આવી છે.

ત્યારે આ અંગે ડીસા નગરપાલિકાના સદસ્ય નિલેષભાઈ ઠક્કરે આવું કૃત્ય આચારનાર સામે કાયદેસરની કાર્યવાહી કરી પોલીસ ફરિયાદ નોંધવા ઉપરાંત સરકારી મિલકતને જે નુકશાન પહોંચ્યું છે તે વસૂલવાની માંગ કરી છે.

આ મામલે ડીસા નગરપાલિકાનો સંપર્ક કરવાનો પ્રયાસ કરતાં પાલિકાના ચીફ ઓફિસર બહાર હોવાથી તેઓ કેમેરા સામે કોઈ પ્રતિક્રિયા આપી શક્યા નહોતા પરંતુ ટેલિફોનિક વાતચીત દરમ્યાન તેમણે જણાવ્યુ હતું કે આ મામલામાં કોર્ટના હુકમનો અનાદર થયો હોઈ કસૂરવાર સામે પોલીસ ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરાઈ છે.

સાબરકાંઠામાં યલો એલર્ટ : પારો ૪૨ ડીગ્રી

હિંમતનગર, તા. ૨૭

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા અઠવાડીયાથી કાળઝાળ ગરમી પડી રહી હોવાને કારણે જિલ્લાવાસીઓ ત્રાહીમામ પોકારી રહ્યા છે. ત્યારે શનિવારે હિંમતનગર સહિત જિલ્લાના અન્ય સ્થળે બપોરે ગરમીનો પારો ૪૨ ડિગ્રીને પાર કરી ગયો હતો. જેના લીધે રસ્તાઓ પણ સુમસામ ભાસતા હતા તથા બજારો પણ ઘરાકી વગર સુના લાગતા હતા. હવામાન વિભાગના જણાવાયા મુજબ આગામી દિવસોમાં ગરમીનો પારો ૪૪ ડીગ્રીથી વધુ થવાની શક્યતા છે ત્યારે લોકોએ પણ ગરમીમાં નીકળવાનું ટાળવુ જોઈએ.

હિંમતનગર સહિત જિલ્લાના અન્ય સ્થળે અત્યારે લગ્નની મોસમ પુરબહાર ખીલી રહી છે. ત્યારે લગ્નના આયોજકો માટે ઉનાળાની ગરમી ખુબજ ચિંતાજનક બની રહી છે. શનિવારે હિંમતનગર અને આસપાસના વિસ્તારોમાં સવારથી જ અંદાજે પંદર કિલોમીટરની ઝડપે પવન શરૂ થતા અગીયાર વાગે લોકોના લમણા શેકાઈ જાય તેવી ગરમી લૂ લાગતી હતી. જેના લીધે વાહનો પર જઈ રહેલા લોકોએ ગરમીથી બચવા માટે સફેદ અથવા તો રંગીન કપડાના આવરણથી શરીરને ઢાંકી દીધા હતા. ઉનાળામાં ખાસ કરીને શ્વાસની તકલીફ તથા હૃદયની બિમારીથી પીડાતા લોકોએ ગરમીમાં બહાર નિકળવાનું ટાળ્યુ હતુ. જિલ્લામાં સતત પડી રહેલી ગરમીને લીધે ઝાડા ઉલ્ટી તથા ચક્કર અને તાવમાં સપડાયેલા લોકોએ સ્થાનિક તબિબો પાસે સમયસર સારવાર લઈને તેઓ સલામત બની રહ્યા છે. તો બીજી તરફ આરોગ્ય વિભાગના જણાવાયા મુજબ ચાર અઠવાડીયા અગાઉ સરકારી હોસ્પિટલોમાં ઓપીડીનો આંકડો જે હતો તેમાં ઘટાડો નોંધાયો છે. જેને લીધે કોઈ ગંભીર રોગચાળો ફેલાયો ન હોવાનો દાવો કરાયો છે.

સતત ૨૪ કલાક સાબરકાંઠામાં પ્રજાના આરોગ્યની ચિંતા કરતી ૧૦૮ એમ્બ્યુલન્સના અધિકારી જૈમિન પટેલના જણાવાયા મુજબ છેલ્લા કેટલાક સમયથી પડી રહેલી ગરમીને કારણે લોકોને ચક્કર આવવા, બેભાન થઈ જવાના અથવા તો ઝાડા ઉલ્ટી થતા તરત જ સારવાર લેવી પડે તેવા કોઈ કોલ છેલ્લા ત્રણ દિવસથી મળ્યા નથી તેમ છતાં આરોગ્ય વિભાગે સાવચેતી રૂપે લોકોને અપીલ કરતા જણાવ્યુ છે કે ગરમીમાં બજારમાં વેચાતા ખુલ્લા અને વાસી ખોરાક આરોગવાનુ બંધ રાખવુ જોઈએ. તથા હલકી કક્ષાના ઠંડા પીણા પણ પીવા ન જોઈએ જોકે ગરમીથી રક્ષણ મેળવવા માટે ઘરમાં જ દહી, લીંબુ શરબત અથવા છાસ બનાવીને સહપ્રમાણમાં લેવી જોઈએ.

મહેતાપુરા નજીક રીક્ષા પલટી ખાઈ જતા એકનું મોત

હિંમતનગર, તા. ૨૭

હિંમતનગર-ઈડર હાઈવે પર મહેતાપુરા નજીકથી શનિવારે બપોરે પસાર થઈ રહેલી એક રીક્ષા અચાનક પલ્ટી ખાઈ જતા રીક્ષામાં બેઠેલા વિરપુરના એક ઈસમનું ગંભીર ઈજાને કારણે મોત નિપજ્યુ હતુ. જે અંગે હિંમતનગર ગ્રામ્ય પોલીસે ગુનો નોંધી ઘટની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે આધારભૂત સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ શનિવારે બપોરે વિરપુરથી મુસાફરો ભરીને આવી રહેલ રીક્ષા નં. જીજે.૦૯.ઝેડ.૪૦૭૭ના ચાલક ગોવિંદભાઈ મોહનભાઈ પરમાર મહેતાપુરા રેલવે ક્રોસીંગ આગળથી પસાર થતા હતા ત્યારે અચાનક રોડ વચ્ચે કુતરૂ આવી જતા રીક્ષાચાલક ગોવિંદભાઈએ સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવી દીધો હતો. જેના કારણે મુસાફરો ભરેલી રીક્ષા તરત જ પલ્ટી ખાઈ ગઈ હતી.

જેના લીધે રીક્ષામાં બેઠેલા વિરપુર ગામના ભીખાભાઈ ખેમાભાઈ ચમાર (ઉ.વ. ૫૫)ને શરીરે ગંભીર ઈજા થઈ હતી. ત્યારબાદ તેમને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સારવાર માટે હિંમતનગર સિવિલમાં લવાયા હતા જ્યાં તેમનું મોત નિપજ્યુ હતુ. જે અંગે હિંમતનગર ગ્રામ્ય પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

અરવલ્લી જિલ્લા સેવા સદન નજીક કારમાં સવાર અસામાજિક તત્વોનો આતંક

ટ્રકમાં તોડફોડ ટ્રકચાલકને માર માર્યો

અરવલ્લી જીલ્લામાં દારૂ-જુગાર ની બદી ફૂલીફાલી છે અસામાજિક તત્વો પણ બેખોફ બનતા ખાખી વર્દીનો કોઈ ખોફ ના હોય તેમ આતંક મચાવતા હોવાની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે મોડાસા-શામળાજી રોડ પર આવેલા જીલ્લા સેવા સદન નજીક અગમ્ય કારણોસર ૫ શખ્શો કાર માં ધસી આવી રોડ પરથી પસાર થતી ટ્રકમાં તોડફોડ કરતા રોડ પરથી પસાર થતા વાહન ચાલકોમાં ભય નો માહોલ છવાયો હતો એટલે થી ન અટકતા ગાજણ ટોલટેક્સ નજીક ટ્રકને ફરીથી આંતરી ટ્રક-ચાલકને માર મારી ફરાર થઈ જતા ભારે ચકચાર મચી હતી

અરવલ્લી જીલ્લામાં જીલ્લા પોલીસવડા મયુર પાટીલ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે સતત પ્રયત્નશીલ હોવા છતાં લોકો કાયદો હાથમાં લેતા અચકાતા નથી શામળાજી-ગોધરા રાજ્ય ધોરીમાર્ગ-૨૭ સતત ટ્રક-ટ્રેલર, કન્ટેનર અને વાહનોથી ધમધમતો રહે છે બપોરના સુમારે મોડાસા જીલ્લા સેવા સદન નજીકથી પસાર થતા ટ્રક પર કાર માં ધસી આવેલા ૫ શખ્શોએ લાકડીઓ વડે તોડફોડ કરી ભય નો માહોલ સર્જ્યો હતો રોડ પરથી પસાર થતા વાહન ચાલકો અસામાજિક તત્વોના ખોફ થી ડઘાઈ ગયા હતા ટ્રક ચાલકે બચવા માટે ટ્રક હંકારી મુકતા ૫ શખ્શોએ ટ્રકનો પીછો કરી ગાજણ ટોલપ્લાઝા નજીક ટ્રકને અટકાવી ટ્રક ચાલક પર તૂટી પડતા આજુબાજુ માંથી પસાર થતા વાહનચાલકો અને હોટલ વાળા અને હાઈવેની બાજુમાં આવેલી કેબીન ધારકો ટ્રક ચાલક ની મદદે દોડી આવતા ટ્રક ચાલકનો આબાદ બચાવ થયો હતો લોકોના ટોળેટોળા ઉમટતા કારમાં ધસી આવેલા ૫ શખ્શો નાસી છૂટ્યા હતા સમગ્ર ઘટનાથી મોડાસા રૂરલ પોલીસ અજાણ હોવાનું જણાવ્યું હતું.

ક્યાં છે જળ નારાયણ ? શામળાજી પંથકમાં પાણીની પોકાર, મહિલાઓએ માટલાં ફોડ્યા

શામળાજી, તા. ૨૭

ઉનાળો શરૂ થતાં જ પાણીની પોકારો શરૂ થવાની ઘટનાઓ અવારનવાર બનતી જ રહે છે, તેમ છતાં પણ તંત્ર અથવા તો સરકાર કોઈ બે મત નથી. શામળાજી પંથકના ખેરંચા, શામળપુર, ભવનાપુર સહિતના પાંચ ગામના લોકોએ પાણીની માંગ સાથે સખત વિરોધ કર્યો હતો. તે માટે માટલા ફોડી વિરોધ વ્યક્ત કર્યો, જોકે કોઈના પેટનું પાણી ન હલતુ હોય તેવી સ્થિતિ હાલ જોવાઈ રહી છે. આસપાસના અંતરિયાળ વિસ્તારો ખૂબ વિકટ પરિસ્થિતિમાં કેમ કોઈ નક્કર પગલાં નથી ભરતી તેનો જવાબ કોઈની પાસે નથી. આ જવાબ લોકોને ન મળતાં આખરે પાણી મેળવવા માટે પણ લોકોએ વિરોધ વ્યક્ત કરવો જરૂરી બની જતો હોય તેવું લાગી રહ્યું છે. અરવલ્લી જિલ્લામાં ઉનાળાની શરૂઆતમાં જ પાણીની પળોજણ વચ્ચે જનતા પીસાઈ રહી છે તેમ છતાં તંત્ર માત્ર મોટી વાતો કરીને બિલ્લી પગે સરકી જતી હોય તેમાં ચાલુ વર્ષે મેશ્વો જળાશયમાં સો ટકા પાણીની આવક થવા છતાં પણ આસપાસના લોકોને સિંચાઈ તેમજ પીવાનું પાણી ન મળે તો વિરોધ વ્યાજબી હોય તેવી લાગી રહ્યું છે. કારણ કે જો પાણી હોય અને આસપાસના ગામડાઓને પાણી ન મળે તો જનતા શું કરે ? અનેક રજૂઆતોનું કોઈ પરિણામ ન આવતા લોકોએ વિરોધનો માર્ગ અપનાવી સરકારના કાંને વાત પહોંચે ઉનાળો પસાર કરતા હોય છે, અને તેમાંય જો પાણી ન મળે તો આ લોકો જાય તો જાય ક્યાં તે એક સવાલ છે. તંત્ર યોગ્ય દિશા સૂચન કરીને પાણીની તંગીથી પિસાતા હોય તેવા ગામમાં સત્વરે પાણી પહોંચાડે તેવી લોકોની માંગ છે, જો કે સો ટકા ભરાયેલા મેશ્વો ડેમમાંથી આસપાસપાસના ગ્રામજનોને પીવા તેમજ સિંચાઈનું પાણી ક્યારે મળશે તે યક્ષ પ્રશ્ન છે.

ઉમિયાનગર નજીક અકસ્માત થતા એકનું મોત

હિંમતનગર, તા. ૨૭

હિંમતનગર ઈડર રોડ પર આવેલ ઉમિયાનગર નજીક નવ દિવસ અગાઉ બે ઈકો કાર વચ્ચે થયેલા અકસ્માતમાં ઈજા પામેલ એક મહિલાનું મોત નિપજ્યુ હતુ જે અંગેની ફરીયાદ શુક્રવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસસ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે હિંમતનગરના ઝહીરાબાદમાં રહેતા ઈમ્તીયાજભાઈ અબ્બાસભાઈ સુમરાએ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૨૦ એપ્રિલના રોજ હિંમતનગરથી ઈડર રોડ પર આવેલ તેજપુરાથી ઉમિયાનગર પાટીયા નજીકથી પસાર થઈ રહેલ ઈકો કાર નં. જીજે.૨૭.કે.૩૮૪૬ના ચાલકે ગફલતભરી રીતે ડ્રાઈવીંગ કરી તેની કાર ડીવાઈડર કુદાવી હિંમતનગર તરફથી આવી રહેલ ઈકો કાર નં. જીજે.૧૮.બીસી.૬૫૩૭ને ટક્કર મારી હતી. જેથી તેમાં બેઠેલા હસીનાબાનુ તથા તમન્નાને માથામાં ગંભીર ઈજા થઈ હતી. જેના લીધે તમન્ના ફીરોજભાઈ સુમરાનું મોત નિપજ્યુ હતુ. જેથી ઈમ્તીયાજભાઈ સુમરાએ ઈકો કાર નં. જીજે.૨૭.કે.૩૮૪૬ના ચાલક વિરૂદ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

બનાસકાંઠા ટેક્ષ પ્રેક્ટીસનર્સ એસો.ની વાર્ષિક સાધારણ સભા યોજાઈ

બનાસકાંઠા ડીસ્ટ્રીક્ટ ટેક્ષ પ્રેક્ટિશ્નર્સ એસોસીએશનની શુક્રવારે હાઈવે સ્થિત આવેલ એક હોટલમાં વાર્ષિક સાધારણ સભા યોજવામાં આવી હતી.જેમાં ૨૦૧૯/૨૦ના નવિન હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી.જેમાં પ્રમુખ તરીકે ડીસાના નવિનભાઈ રાવલ,સેક્રેટરી સતીષભાઈ બનાવાલા,ખજાનચી જયેશભાઈ કાનુડાવાલાની સર્વાનુંમતે વરણી કરવામાં આવી હતી. નવા વર્ષની કમિટી અને સલાહકાર સમિતીની રચના કરવામાં આવી હતી.જેમાં મોટી સંખ્યામાં ટેક્ષ પ્રેક્ટિસશ્નર્સ એસોસીયેશનના સભ્યો હાજર રહ્યા હતા.

શામળાજી આરટીઓ ચેકપોસ્ટ નજીક બિનવારસી

ટ્રકમાંથી ૧૫.૬૬ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

ગુજરાતમાં લોકસભાની ચૂંટણીઓને અનુલક્ષીને અરવલ્લી જિલ્લાની આંતરરાજ્ય સરહદો પર સઘન પોલીસ ચેકીંગ હાથ ધરાતા બુટલેગરો ભૂગર્ભમાં ઉતરી ગયા હતા. લોકસભાની ચૂંટણી પૂર્ણ થતા બુટલેગરો રાબેત મુજબ સક્રિય બની વિદેશી દારૂ ઘુસાડવા પ્રયત્નો હાથ ધર્યા છે. શામળાજી પોલીસે આરટીઓ ચેકપોસ્ટ નજીક રાજસ્થાન તરફથી આવતા વાહનોનું ચેકીંગ હાથ ધરાતા વિદેશી દારૂ ઝડપવામાં સફળતા મળી હતી. શામળાજી પોલીસની નાકાબંધી જોઈ વેણપુર ગામ નજીક ટ્રક-કન્ટેનર ચાલક રોડ નજીક મુકી ફરાર થઈ જતા પોલીસતંત્રને 'બગાસુ ખાતા પતાસુ' મળ્યુ હોય તેમ ટ્રક-કન્ટેનરમાંથી ૧૫.૬૬ લાખનો વિદેશી દારૂ મળી આવતા કાર્યવાહી હાથ ધરી હતી.

શામળાજી પોલીસે વેણપુર ગામ નજીક અમદાવાદ-ઉદેપુર ને.હા.નં. ૮ પર વાહનોનું સઘન ચેકીંગ જોઈ રોડ નજીક ટ્રક-ન્ટેનર ચાલક મુકી ફરાર થતા પોલીસે બિનવારસી ટ્રક-ન્ટેનર (ગાડી નં. એચઆર.૫૫.એસ.૩૧૫૪)માં થર્મોકોલના બોક્સ ભરેલા હટાવતા તેની આડમાં સંતાડેલો વિદેશી દારૂની પેટી ૪૩૫ બોટલ નંગ-૫૫૨૦, કિ.રૂ. ૧૫,૬૬૦૦૦નો જથ્થો જપ્ત કરી ટ્રક-કન્ટેનરની કિ. રૂ. ૧૦ લાખ મળી કુલ રૂ. ૨૫,૬૬૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ટ્રક-કન્ટેનર ચાલક વિરૂદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ફરાર ટ્રકચાલકને ઝડપી પાડવા ચકો ગતિમાન કર્યા હતા.

ઊંઝા સાંઈબાબા મંદિરમાં લૂંટ

ઊંઝા ખાતે દાસજ રોડ પર આવેલ સાંઈબાબાના મંદિરમાં રાતના સમયે ત્રાટકેલા બે અજાણ્યા લૂંટારૂઓએ મંદિરના ચોકિયાતને માર મારી તેમની પાસેથી બળજબરીપૂર્વક ઓફિસની ચાવીઓ લઈ ઓફિસમાંથી રૂપિયા ચાર હજારની કિંમતનું સીસીટીવી કેમેરાનું ડી.વી.આર. તથા દાન પેટીમાંથી રૂપિયાની લૂંટ ચલાવી ક્યાંક નાસી છૂટ્યા હોવાનો ચોંકાવનારો બનાવ બનતા લોકોમાં ભયની લાગણી ફેલાઈ છે.

મૂળ સિદ્ધપુર તાલુકાના ચંદ્રાવતી ગામના અને હાલ ઊંઝા બટારમાઢ વિસ્તારમાં રહેતા ઠાકોર ભીખાજી ઉજમજી ઊંઝા સાંઈબાબાના મંદિરમાં ચોકિયાત તરીકે કામ કરે છે. રાતના સમયે તેઓ મંદિરમાં હતા ત્યારે મધરાત બાદ કોઈ બે અજાણ્યા બુકાનીધારી શખ્સો મંદિરમાં પ્રવેશ્યા હતા અને અચાનક ચોકિયાતને માર મારી તેમની પાસેથી ઓફિસની ચાવીઓ પડાવી લીધી હતી. બાદ ઓફિસ ખોલી અંદરથી સીસીટીવી કેમેરાનું ડીવીઆર કિંમત રૂ. ચાર હજારનું તથા દાન પેટીમાંથી રૂપિયા કાઢી લઈ આબાદ લૂંટ ચલાવીને ક્યાંક પલાયન થઈ ગયા હતા.